આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

જીંદગી આપણને શિખવાડે છે કે મૃત્યુ પર કોઇની લગામ નથી
- જ્ઞાન સૂત્ર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૦ | ૧ ડિસેમ્બર, ૨૦૧૩, રવિવાર; કારતક વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ઈન્દ્રોડા સર્કલથી ઈન્દિરા બ્રીજ નો-પાર્કિંગ ઝોન જાહેર

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સલામતિ માટે એન.એસ.જી. સુરક્ષા કવચ અને ઝેડ-પ્લસ સિક્યોરીટી બાદ કરાયેલી સમીક્ષાના પગલે નો-પાર્કિંગ ઝોન જાહેર કરાયો

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની સલામતિના મુદ્દાને ધ્યાને રાખી આજે જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરના ઈન્દ્રોડા સર્કલથી ઈન્દિરાબ્રીજ સુધીના ૧૧ કિ.મી.ના વિસ્તારને નો પાર્કિંગ ઝોન વિસ્તાર જાહેર કર્યો છે.

આજે આ અંગેનું સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની સલામતિ માટે એન.એસ.જી. સુરક્ષા કવચ અને ઝેડ પ્લસ સિક્યોરીટી બાદ આ ત્રીજો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તાજેતરમાં જિલ્લા પોલીસ વડાએ પણ મુખ્યમંત્રીશ્રીની સલામતિના પગલાંઓ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠક બાદ તેમણે ઈન્દ્રોડા સર્કલથી ઈન્દિરાબ્રીજ વિસ્તારને નો પાર્કિંગ ઝોન જાહેર કરવા માટેની દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોકલી હતી અને તેને ધ્યાને લઈ કલેક્ટરશ્રીએ આજે આ જાહેરનામુ જારી કર્યું છે.

સલામતિ વ્યવસ્થાને સઘન બનાવવા માટે વન વિભાગ તેમજ પાટનગર યોજનાના અધિકારીઓને પણ સમીક્ષા બેઠકમાં વિવિધ સૂચનાઓ અપાઈ હતી. કોબાથી ઈન્દ્રોડા સર્કલની સેન્ટ્રલ વર્જમાં લોખંડની રેલિંગ નાખવાની કામગીરીનો પણ આરંભ થઈ ચુકયો છે.

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પરના ઈન્દ્રોડા સર્કલથી ઈન્દિરા બ્રિજ સુધીના મુખ્ય માર્ગ અને સર્વિસ રોડને 'નો પાર્કિંગ' તરીકે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે મળેલ સત્તાના રૂએ જાહેરનામુ બહાર પાડી જાહેર કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ઝેડ પ્લસ તેમજ એન.એસ.જી. સુરક્ષા કવચ ધરાવે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીને ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી લોકસભા ચૂંટણી-૨૦૧૪માં વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. મુખ્ય મંત્રીશ્રીને અવાર નવાર જુદા જુદા આતંકવાદી સંગઠનો દ્વારા મળેલ ધમકીઓ તેમજ તેઓશ્રીને થ્રેટ જોતાં, તેમની જાનની સલામતી અંગે ખતરો રહ્યો છે.

તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીની પટણા ખાતેની હુંકાર રેલી દરમ્યાન પટણામાં સીરીયલ બોમ્બ પ્લાસ્ટ થયો હતો. ગુપ્તચર એજન્સીઓ દ્વારા વખતોવખત મળેલ સૂચનાઓ અન્વયે મુખ્યમંત્રીશ્રીની સલામતીને ધ્યાને લેતા અને મહાનુભાવોશ્રીના કોન્વોય ઉપર ગમે તે સમયે આંતકવાદી સંગઠનો હુમલો કરે તેવી સંભાવના

ગાંધીનગર-એરપોર્ટ રૂટ પર સઘન પોલીસ પેટ્રોલિંગ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યના મુખ્ય પ્રધાનની સલામતી અને સુરક્ષાને લઈ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારી ખાસ પ્રકારે વ્યવસ્થા ગોઠવી રહ્યા છે. મંત્રી નિવાસથી લઈ અમદાવાદ એરપોર્ટ સુધીના આખા માર્ગ પર છેલ્લા એક માસથી સાફ સફાઈ, લાઈટીંગ વાહન ચેકીંગ સહિત ૨૪ કલાક સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આશરે દિવસ દરમિયાન ૪ થી વધારે પોલીસ વાહનો સતત આ માર્ગ પર સઘન પેટ્રોલિંગ કરી પળ-પળની ગતિવિધિ પર નજર રાખી રહ્યા છે.

મળેલી માહિતી અનુસાર રાજ્યના મુખ્ય પ્રધાન અને ભાજપા વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી હાલ દેશના અનેક રાજ્યોમાં ચૂંટણી પ્રચાર કરી સભાઓ ગજાવી રહ્યા છે. સતત એક બીજા રાજ્યમાં હવાઈ મુસાફરી કરી પ્રવાસ કરતા હોવાથી દર આંતરે દિવસે ગાંધીનગરથી અમદાવાદ એરપોર્ટ પર જવાનું થાય છે. આથી હાલ મંત્રી નિવાસથી અમદાવાદ એરપોર્ટ સુધીના માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં તંત્ર દ્વારા લાઈટીંગ, સાફ સફાઈ, ટ્રીમીંગ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગરમાં પ્રવેશતા તમામ માર્ગો પર પણ બેરીકેટ મુકી પોલીસ દ્વારા વાહનોની પણ સઘન ચકાસણી કરવામાં આવી રહી છે. તેમ છતાં પણ સુરક્ષા અને સલામતીના પગલે કોઈપણ પ્રકારની ખામી અથવા ચૂક ન રહી જાય તે માટે આ માર્ગ પર સતત ૪ પોલીસ વાહનોથી પોલીસની ટીમો મારફતે પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને આ માર્ગ પરની પળે-પળની માહિતી એકઠી કરી રહ્યા છે.

કૃષિ ક્ષેત્રે સમય પ્રમાણે પરિવર્તન આવી રહ્યું છે... આજકાલ ચિલોડા વિસ્તારમાં ખેડૂતો શાકભાજી અને બાગાયત ખેતી તરફ આકર્ષાયા છે... બાગાયત ખેતીમાં ઓછા ખર્ચાને કારણે ખેડૂતો વધુ આકર્ષાયા છે... જ્યારે શાકભાજીની ખેતીમાં ઓછા ખર્ચા ઉપરાંત ઝડપી વળતરનું આકર્ષણ પણ વધુ છે... વલાદથી શિહોલી સુધીના વિસ્તારોમાં ખેડૂતો વધુ પ્રમાણમાં શાકભાજી અને બાગાયત રસ દાખવી રહ્યા છે... કેસર કેરીના કલમી રોપા દ્વારા આંબાવાડિયું બનાવી કેરી પકવવામાં પણ ચિલોડા વિસ્તારના ખેડૂતો અગ્રતા આપી રહ્યા છે... (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

નિર્મળ ગ્રામ અભિયાનમાં હવે સ્વૈચ્છીક સંસ્થાઓ જોતરાશે

ગાંધીનગરના ૩૩ ગામો બે સંસ્થાઓને દત્તક અપાયા સંસ્થાઓ જન-જાગૃતિ સાથે સ્વચ્છતા અભિયાન ચલાવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં નિર્મળ ગ્રામ અભિયાને લોક અભિયાન તરીકે બનાવવા માટે હવે પ્રથમવાર સ્વૈચ્છીક સંસ્થાઓને આ કાર્યક્રમમાં જોતરીને નવો વેગ આપવાનો નિર્ણય સત્તાવાળાઓએ કર્યો છે. ગાંધીનગર તાલુકાના ૩૩ ગામો સ્વૈચ્છીક સંસ્થાઓને દત્તક આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મહાદેવ દેસાઈ ગ્રામ વિદ્યાપીઠ અને સફાઈ વિદ્યાલય - સુઘડને નિર્મળ ગ્રામ અભિયાન સાથે જોડવામાં આવેલ છે. આ બ્રે સંસ્થાઓ ગાંધીનગર તાલુકાના ૩૩ ગામોને નિર્મળ બનાવશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિક્ટર મેકવાનના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્ષે સમગ્ર તાલુકાને નિર્મળ બનાવવાનો નિર્ણય ગ્રામ વિકાસ એજન્સીના સત્તાવાળાઓએ લીધો છે.

ગાંધીનગર તાલુકામાં અત્યાર સુધીમાં પાંચ ગામ નિર્મળ બની ચુક્યા છે. જ્યારે સમગ્ર જિલ્લામાં ૩૩ ગામો નિર્મળ બન્યા છે. રાજ્ય સરકારે ૫ હજાર નિર્મળ ગામ બનાવવાનો લક્ષ્યાંક કર્યો છે પણ છેલ્લા બે વર્ષથી તેમાં સફળતા મળતી નથી.

નિર્ળળ ગામ અભિયાનને વેગીલુ બનાવવા તંત્રએ હવે સમગ્ર તાલુકા પર આ ધ્યાન કેન્દ્રીત કરવાની વ્યુહરચના ગત વર્ષથી અમલી બનાવી છે.

● અનુસંધાન પાન-૭ પર

સૂર્યોદય... કહેવાય છે કે ઉગતાના દર્શન મનને શાતા આપે છે... શરીરને ઉર્જા આપે છે... અને આંખને અદભૂત નજારો જોવા મળે છે... સૂર્યનમસ્કાર શરીરને તંદુરસ્ત રાખે છે... આવો સૂર્યને નમન કરીએ... (તસવીર : કાંતિલાલ લોધા)

આજે મતદાર-આરોગ્ય જાગૃતિ માટે સાયકલ રેલી

જિલ્લા કલેકટર અને સંયુકત મુખ્ય ચૂંટણી અધિકારી રેલીમાં જોડાઈ સાયકલ વીરોને પ્રોત્સાહિત કરશે : ઘ-૪ સર્કલથી મહાત્મા મંદિર સુધી સાંજે ૬ વાગે કેન્ડલ માર્ચ

ગાંધીનગર, તા. ૩૦

આજે મતદાર જાગૃતિ અભિયાનના ભાગ રૂપે ગાંધીનગર ખાતે સાયકલ રેલી અને કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીને અંતે યોજાનાર લકી ડ્રોમાં વિજેતા બનનાર ૧૧ સાયકલવીરોને સાયકલનો પુરસ્કાર આપવામાં આવશે.

રેલી અંગેની વિગતો આપતાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મનસુરીએ જણાવ્યું હતું કે સાયકલ રેલી એક સાથે શહેરના બે રૂટ પર આરંભાશે. આ રેલીમાં જિલ્લા કલેકટરશ્રી ડૉ. સ્વરૂપ તેમજ સંયુકત મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી અશોક માણેક વિશેષ હાજર રહેનાર છે. મળતી વિગતો મુજબ આ સાયકલ રેલીમાં જિલ્લા કલેકટર શ્રી ડૉ. સ્વરૂપ જોડાવાના છે.

સાત કિ.મી.ના રૂટ ધરાવતી આ સાયકલ રેલી સવારે ૮ વાગે શરુ થશે. આ માટેની સંપૂર્ણ તૈયારી તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. સાયકલ રેલીના માર્ગ પર એઈડઝ દિનને લક્ષમાં રાખી તેમજ મતદાર રજીસ્ટ્રેશન અંગેના હોર્ડિંગ્સ પણ લગાવવામાં આવ્યા છે.

સાયકલ યાત્રાનો પ્રથમ રૂટ વિધાનસભાથી શરુ થી ઘ-૩, ગ-૨ મા. શાળા સે-૧૨, મહાત્મા મંદિર થઈ અને ટાઉનહોલ આ રેલી આવશે. જયારે આ જ સમયે બીજા રૂટ પર જે રેલી જશે તે વિધાનસભાથી શરુ થી ચ-૫, ઘ-૬, ઘ રોડ થી સે-૨૪ ચોકડી થી સે-૧૬ આર્ટસ કોલેજ થઈ ટાઉનહોલ આવશે.

સાંજે ૬ વાગે ઘ-૪ સર્કલથી મહાત્મા મંદિરના રૂટ પર કેન્ડલ માર્ચ યોજવામાં આવનાર છે.

આજે જિલ્લામાં પહેલીવાર મતદાર જાગૃતિ અભિયાનની સાથે સાથે આરોગ્ય જાગૃતિ અભિયાનને જોડી એક સાથે બે રેલીઓનું ત્રણ અલગ અલગ રૂટ પર આયોજન કરવામાં આવ્યું છે.

પાટણ ગેંગ રેપ કેસમાં પાંચ શિક્ષકોને આજીવન કેદ

ગેંગ રેપ કેસમાં અતુલ પટેલ સિવાય તમામ અપરાધીઓને ફટકારેલી સજાને ગુજરાત હાઈકોર્ટે આખરે યોગ્ય ઠેરવી

અમાવાદ,તા. ૩૦

સમગ્ર ગુજરાતમાં ભારે ચકચાર જગાવનાર પાટણ ગેંગ રેપ કેસમાં ગુજરાત હાઈકોર્ટે આજે તેનો ચુકાદો જાહેર કર્યો હતો અને ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી પાંચ શિક્ષક આરોપીને સજા યથાવત ઠેરવી હતી. આ પાંચ શિક્ષકોને આજીવન કારાવાસની સજા કરવામાં આવી હતી. અતુલ પટેલ સિવાયના તમામ અપરાધીઓને ફટકારવામાં આવેલી સજાને ગુજરાત હાઈકોર્ટે યોગ્ય ઠેરવી હતી. હાઈકોર્ટના આજના ચુકાદા મુજબ અન્ય તમામ અપરાધીઓ માટે આજીવન કારાવાસની સજા યથાવતરીતે ચાલુ રહેશે પરંતુ અતુલ પટેલની સજા ઘટાડીને ૧૦ વર્ષની કરી દેવામાં આવી છે. આરોપી શિક્ષક અતુલ પટેલની સજાને આજીવન કારાવાસથી ઘટાડીને ૧૦ વર્ષ કરી દેવામાં આવી છે. જસ્ટિસ અકિલ કુરેશી અને ઝેડ. કે. સૈયદની બનેલી હાઈકોર્ટની ડિવિઝન બેંચે આ સંદર્ભમાં આજે ચુકાદો જાહેર કરતા કોર્ટ રૂમમાં સોંપો પડી ગયો હતો.

આરોપી શિક્ષકો અને રાજ્યસરકાર દ્વારા રજુ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓ પર સુનાવણી ચલાવતી વેળા ગુજરાત હાઈકોર્ટે પાટણ ગેંગરેપ કેસમાં નીચલી કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલા ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. પાંચ શિક્ષકોની સજા હાઈકોર્ટે યોગ્ય ઠેરવી છે. આ પાંચ શિક્ષકોમાં મનિષ પરમાર, કિરણ પટેલ, અશ્વિન પરમાર, મહેન્દ્ર પ્રજાપતિ અને સુરેશ પટેલનો સમાવેશ થાય છે. જ્યારે અન્ય એક આરોપી શિક્ષકની આજીવન કારાવાસની સજા ઘટાડીને ૧૦ વર્ષ કરાઈ છે. આ આરોપી અતુલ પટેલ છે. આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર અનિસા લવકુમારે કહ્યુ હતુ કે કોર્ટે અતુલ પટેલ સિવાય તમામ આરોપીઓની સજા યોગ્ય ઠેરવી છે. અતુલ પટેલના વકીલ રાજકુમારે કહ્યુ હતુકે અતુલની સજા કોર્ટ દ્વારા ઘટાડવામાં આવી છે. તત્કાલિન શિક્ષણ પ્રધાન આનંદીબેન પટેલે એ વખતે રાજ્ય વિધાનસભામાં પાટણનું પ્રતિનિધિત્વ કરતા હતા. સૌથી પહેલા ગુજરાત સીઆઈડી ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં વિલંબ થતા ભારે હોબાળો થયો હતો. પાટણના જિલ્લા જજની કોર્ટમાં ફાસ્ટ્ટ્રેકના આધાર પર ટ્રાયલ હાથ ધરાઈ હતી. કોર્ટે છઠ્ઠી માર્ચ ૨૦૦૯ના દિવસે તેનો ચુકાદો જાહેર કર્યો હતો જેમાં તમામ છ આરોપી શિક્ષકોને આજીવન કારાવાસની સજા કરાઈ હતી. સાથે સાથે ભોગ બનેલી યુવતિને ૧૦-૧૦ હજારનું વળતર કરવા તમામ શિક્ષકોને કહ્યુ હતુ.

નેનોનું ઉત્પાદન બંધ : ટાટાને આપેલી સહાય પાછી ખેંચો

રતન ટાટાએ ભુલ સ્વીકારી હવે મોદી પણ ભુલ સુધારે : ગુજરાતના નાગરીકોના ટેક્ષના નાણાંમાંથી કરોડોના લાભો મેળવનાર રતન ટાટા હવે છટકવા માંગે છે : મનિષ દોશી

અમદાવાદ, તા. ૩૦

ટાટા નેનો કાર દેશની સૌથી સસ્તી કાર જાહેર કરવી તે ભુલ હતી તેવું એકરાર કરનાર રતન તાતા આ બાબત જાહેરમાં સ્વીકારી શક્યા હોય તો ગુજરાતના મુખ્યમંત્રી ભૂલ સ્વીકારીને ટાટા નેનો કારને અપાયેલ તમામ લાભો પરત લેવાની જાહેરાત કેમ કરતા નથી. તેવો વેધક સવાલ પૂછતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા વર્ષ ૨૦૧૦માં ગુજરાતમાં ટાટા નેનો કાર ઉત્પાદન માટે ટાટા કંપનીને ૩૩૦૦૦ કરોડની સોફ્ટ લોન, કૃષિ યુનિવર્સિટીની કિંમતી જમીન, સરકારી તિજોરીના અન્ય લાભો, ટેક્ષ માફી ડાર્ક ઝોનમાં પાવર ટ્રાન્સફોર્મર સાથે વીજ કનેક્શન સહિત અનેક સગવડો આપી. જે તે સમયે ૧ લાખ રૂપિયામાં નાગરીકોને ટાટા કાર મળશે, ગુજરાતીઓ

સાહેબ બનશે, લાખો રોજગારી ઉભી થશે, ગુજરાત

● અનુસંધાન પાન-૭ પર

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

આપના આંગણે આવેલા અવસરને અમે યાદગાર બનાવીશું...
WE CAPTURE Feelings
Video - Photo
vivify
Vision Video Films Production
Available Services :
- SD/HD Live Setup
- Zimi 35 Ft.
- Full HD Camera Setup
- L.E.D. Wall Screen
- Web Live Telecast through Internet
- Plazma TV / Projector Screen
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Sargasan Cross Road, Hadmatiya, Gandhinagar.
Mo. 98248 28169
E-mail : vivifyfilms@gmail.com | website : www.vivifyfilms.com

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ